Upload National Evening News 09-08-2024 at 7.50-8.00pm -1

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-08-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

- ✓ સંસદના બંને ગૃહો આજે અનિશ્ચિત સમય માટે સ્થગિત - લોકસભાએ આજે ભારતીય વાયુયાન વિધેયક **2024** પસાર કર્યું છે.
- ✓ રાજ્યસભામાં અધ્યક્ષ જગદીપ ધનખડ વિશેની કથિત અસંસદીય ટિપ્પણી બદલ સમાજવાદી પાર્ટીના જયા બચ્ચન વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે.
- ✓ સર્વોચ્ચ અદાલતે **11** ઓગસ્ટના રોજ યોજાનારી **2024** નીટ-પીજી પરીક્ષામાં વિલંબ કરવાની અરજીને ફગાવી દીધી છે
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં પોતાના સંબોધનમાં કહ્યું કે ભારત વિશ્વમાં જીવંત લોકશાહીનું ઉદાહરણ બની ગયું છે
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કેરળના વાયનાડની મુલાકાત લેશે અને રાહત અને પુનર્વસન પ્રયાસોની સમીક્ષા કરશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાલા ફેંકના ખેલાડી નીરજ ચોપરા સાથે વાત કરી અને પેરિસ ઓલિમ્પિક **2024**માં રજત ચંદ્રક જીતવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PARLIAMENT-SINE-DIE

સંસદના બંને ગૃહો આજે અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા છે.. સંસદનું બજેટ સત્ર **22** જુલાઈથી શરૂ થયું હતું અને સોમવારે સમાપ્ત થવાનું હતું. લોકસભા અધ્યક્ષ ઓમ

બિરલાએ કહ્યું કે 115 કલાક સુધી ચાલેલા આ સત્રમાં 15 બેઠકો યોજાઈ હતી. તેમણે કહ્યું કે બજેટ પર 27 કલાકથી વધુ સમય સુધી ચર્ચા થઈ. તેમણે કહ્યું કે સત્ર દરમિયાન 12 વિધેયક રજૂ કરવામાં આવ્યા હતા અને તેમાંથી ચાર લોકસભા દ્વારા પસાર કરવામાં આવ્યા હતા.

રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે કહ્યું કે બજેટ પર લગભગ 22 કલાક સુધી ગૃહમાં ચર્ચા થઈ. તેમણે કહ્યું કે સત્ર દરમિયાન 90 કલાક સુધી ગૃહનું કામકાજ ચાલ્યું. તેમણે કહ્યું કે આગામી સત્ર ગૃહના દરેક સભ્ય અને સમગ્ર દેશ માટે ફાયદાકારક રહેશે.

## LS-VAYUYAN-VIDHEYAK

લોકસભાએ આજે ભારતીય વાયુયાન વિધેયક 2024 પસાર કર્યું છે. આ વિધેયક કેન્દ્ર સરકારને કોઈપણ વિમાન અથવા વિમાનના વર્ગની ડિઝાઇન, ઉત્પાદન, જાળવણી, કબજો, ઉપયોગ, સંચાલન, વેચાણ, નિકાસ અથવા આયાતને નિયંત્રિત કરવા અને સુરક્ષિત કરવા માટે નિયમો બનાવવાની સત્તા આપે છે. એરક્રાફ્ટ કામગીરીની સલામતી. આ વિધેયકનો ઉદ્દેશ છે. સરકારને કોઈપણ હવાઈ દુર્ઘટના કે ઘટનાની તપાસ માટે નિયમો બનાવવા માટે સત્તા આપવાનો છે. વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતાં, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકારના શાસનમાં છેલ્લા દસ વર્ષમાં નાગરિક ઉડ્ડયનમાં અકલ્પનીય વૃદ્ધિ જોવા મળી છે. તેમણે ગૃહને માહિતી આપી હતી કે દેશમાં હવાઈ મથકની સંખ્યા 2014માં 74 હતી તે વધીને હાલમાં 157 થઈ ગઈ છે, જે બમણા કરતા પણ વધુ છે. ભારત હાલમાં વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું ઉડ્ડયન અર્થતંત્ર છે.

## LS-WAQF-JOINT-COMMITTEE

લોકસભાએ આજે વકફ સુધારા બિલ 2024ની સમીક્ષા સંબંધિત ગૃહની સંયુક્ત સમિતિમાં તેના 21 સભ્યોને નામાંકિત કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો હતો. જગદંબિકાપાલ, નિશિકાંત દુબે, તેજસ્વી સૂર્યા, દિલીપ સૈકિયા, ગૌરવ ગોગોઈ, ઈમરાન મસૂદ, મોહમ્મદ જાવેદ, કલ્યાણ બેનર્જી અને અસદુદ્દીન ઓવૈસી સભ્યોમાં સામેલ છે. આ સમિતિમાં રાજ્યસભાના 10 સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. લોકસભામાં પ્રસ્તાવ રજૂ કરતા સંસદીય અને લઘુમતી બાબતોના પ્રધાન કિરન રિજિજુએ કહ્યું કે સમિતિ લોકસભાના આગામી સત્રના પ્રથમ સપ્તાહના છેલ્લા દિવસે તેનો અહેવાલ રજૂ કરશે.

## REV-EVE-RS-OPPOSITION

રાજ્યસભામાં અધ્યક્ષ જગદીપ ધનખડ વિશેની કથિત અસંસદીય ટિપ્પણી બદલ સમાજવાદી પાર્ટીના જયા બચ્ચન વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. ગૃહના નેતા જેપી નડ્ડાએ આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે વિપક્ષની ટિપ્પણીઓ અસંસદીય અને અત્યંત વાંધાજનક છે. શ્રી ધનખરે જયા બચ્ચનની ટિપ્પણી સામે સખત વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે અધ્યક્ષની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની કોઈને મંજૂરી આપવામાં આવશે નહીં. તેમનો વાંધો ખાસ કરીને અધ્યક્ષના સ્વર, ભાષા અને સ્વભાવ અંગે જયા બચ્ચનની ટિપ્પણીઓ સામે હતો.

શાસક પક્ષના સભ્યોએ પણ જયા બચ્ચનની ટિપ્પણી સામે વાંધો ઉઠાવ્યો હતો. હંગામા વચ્ચે વિપક્ષી સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. આ પછી, ઘણા સભ્યો અને કેન્દ્રીય મંત્રીઓએ વિપક્ષની ટીકા કરી અને આરોપ લગાવ્યો કે તેઓ ગૃહ અને અધ્યક્ષની ગરિમાને ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજે કોઈ પ્રશ્નકાળ નહોતો અને આ મુદ્દે ગૃહની કાર્યવાહી ત્રણ વખત સ્થગિત કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે વિપક્ષનું વર્તન અસ્વીકાર્ય છે અને તેઓએ અધ્યક્ષની માફી માંગવી જોઈએ. પૂર્વ પ્રધાનમંત્રી  અને જનતા દળ (સેક્યુલર)ના નેતા એચડી દેવગૌડાએ કહ્યું કે ગૃહના સભ્યોએ અધ્યક્ષના નિર્ણય અને અપીલનું સન્માન કરવું જોઈએ.

કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી જયંત ચૌધરીએ જણાવ્યું હતું કે અધ્યક્ષના નિર્ણયનું પાલન કરવું એ દરેક સભ્યની ફરજ છે અને વારંવાર તેનું ઉલ્લંઘન કરનારા સભ્યો સામે કડક પગલાં લેવા જોઈએ. જનતા દળ (યુનાઈટેડ)ના કાર્યકારી પ્રમુખ સંજય કુમાર ઝાએ વિપક્ષી સભ્યને સ્પીકરને "સાથીદાર" ગણાવતા અત્યંત અપમાનજનક ગણાવ્યા અને જયા બચ્ચન સામે કડક કાર્યવાહીની માંગ કરી. સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્ય મંત્રી રામદાસ આઠવલેએ આ ઘટનાને "કાળો દિવસ" ગણાવ્યો અને વિપક્ષ પાસેથી માફી માંગવાની માંગ કરી. ભારત રાષ્ટ્ર સમિતિના સભ્ય કેઆર સુરેશ રેડ્ડી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા પ્રફુલ પટેલે પણ અધ્યક્ષ પર કરવામાં આવેલી ટિપ્પણીની નિંદા કરી હતી.

શૂન્ય કાળ પૂરો થયા બાદ અધ્યક્ષ જગદીપ ધનખડ્  વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગે વિરુદ્ધ ભાજપના ઘનશ્યામ તિવારીની કથિત વાંધાજનક ટિપ્પણી પર નિવેદન આપી રહ્યા હતા. આ દરમિયાન સમાજવાદી પાર્ટીના જયા બચ્ચને અધ્યક્ષ વિશે ટિપ્પણી કરી. શ્રી ધનખરે

આ ટિપ્પણીઓ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે તેમનું વર્તન ગૃહની મર્યાદા વિરુદ્ધ હતું.

## SC-NEET

સર્વોચ્ચ અદાલતે આજે **11** ઓગસ્ટના રોજ યોજાનારી **2024** નીટ-પીજી પરીક્ષામાં વિલંબ કરવાની અરજીને ફગાવી દીધી છે . અદાલતે કહ્યું હતું કે બે લાખ વિદ્યાર્થીઓના ભવિષ્યને જોખમમાં મૂકવું એ અન્યાય હશે, એ અરજીને ફગાવી દેવામાં આવી હતી જેમાં એવી દલીલ કરવામાં આવી હતી કે પરીક્ષા કેટલાક શહેરોમાં ઉમેદવારો માટે ખૂબ અસુવિધાજનક છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે, ન્યાયાધીશ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રા સાથે જણાવ્યું હતું કે, સિદ્ધાંતની બાબતમાં, કોર્ટ પરીક્ષાને ફરીથી શેડ્યૂલ કરશે નહીં અને આટલા બધા ઉમેદવારોની કારકિર્દીને જોખમમાં મૂકી શકશે નહીં. અરજીમાં એવી દલીલ કરવામાં આવી હતી કે ઘણા ઉમેદવારોને એવા શહેરો સોંપવામાં આવ્યા હતા જ્યાં પહોંચવામાં ખૂબ જ અસુવિધા હતી.. પરીક્ષા, મૂળ **23** જૂનના રોજ નક્કી કરવામાં આવી હતી, અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં નોંધાયેલી અનિયમિતતાઓને પગલે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સાવચેતીના પગલા તરીકે મુલતવી રાખવામાં આવી હતી. આ વર્ષે, **2024** માટે **NEET-PG** પરીક્ષા દેશભરના **500** પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલોં કરી શકો છો.**

## NEW PREZ---DIASPORA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં પોતાના સંબોધનમાં કહ્યું કે ભારત વિશ્વમાં જીવંત લોકશાહીનું ઉદાહરણ બની ગયું છે અને ટૂંક સમયમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા જઈ રહી છે. ઓકલેન્ડમાં આયોજિત ભારતીય સમુદાય સ્વાગત સમારોહમાં તેમણે સંબોધન કર્યું હતું તેમણે કહ્યું કે ન્યુઝીલેન્ડ પાસે ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રમાં ભારતના વિકાસમાં યોગદાન આપવા માટે વિશેષતા છે. રાષ્ટ્રપતિ મુર્મુએ ખુશી વ્યક્ત કરી કે દિવાળી, ઓણમ, હોળી અને પોંગલ જેવા ભારતીય તહેવારો ન્યુઝીલેન્ડમાં આનંદથી ઉજવવામાં આવે છે.

ભારતીય તહેવારો, પરંપરાઓ અને રિવાજોને જાળવી રાખવા માટે ભારતીય સમુદાયની પ્રશંસા કરી.. ભારત સરકારના રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયન, લોકસભાના સાંસદો જુગલ કિશોર શર્મા, સૌમિત્રા ખાન, સહિત વિશાળ જનમેદનીએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ન્યુઝીલેન્ડની બે દિવસની સફળ મુલાકાત બાદ તિમોર-લેસ્ટે જવા રવાના થયા. રાષ્ટ્રપતિ આવતીકાલે સવારે દિલી, તિમોર-લેસ્તે પહોંચશે. તેઓ ત્યાં રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

## PM--WAYANAD-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કેરળના વાયનાડની મુલાકાત લેશે અને રાહત અને પુનર્વસન પ્રયાસોની સમીક્ષા કરશે. તે કન્નુર પહોંચશે અને ત્યાંથી વાયનાડમાં ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારનું હવાઈ સર્વેક્ષણ કરશે. શ્રી મોદી ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારની મુલાકાત લેશે, જ્યાં તેમને બચાવ દળો દ્વારા સ્થળાંતરના પ્રયાસો વિશે માહિતી આપવામાં આવશે.. પ્રધાનમંત્રી હાલ ચાલી રહેલા પુનર્વસન કાર્યની પણ સમીક્ષા કરશે.શ્રી મોદી રાહત શિબિર અને હોસ્પિટલની મુલાકાત લેશે, જ્યાં તેઓ ભૂસ્ખલનના ભોગ બનેલા અને બચી ગયેલા લોકો સાથે મુલાકાત કરશે અને વાતચીત કરશે. પ્રધાનમંત્રી ત્યારબાદ સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે જ્યાં તેમને ઘટના અને ચાલી રહેલા રાહત પ્રયાસો વિશે વિગતવાર માહિતી આપવામાં આવશે.

## WORLD TRIBAL DAY-*1*

આજે વિશ્વ આદિવાસી દિવસ છે. રાજયમાં અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટીમાં ૧૪ જિલ્લાઓમાં ૯૦ લાખ જેટલા આદિવાસીઓ વસવાટ કરે છે.

આજે રાજ્યનાં અનેક જિલ્લાઓમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો.

મુખ્યમંત્રીના હસ્તે રાજ્યમાં કુલ ૧૦૧૪ કરોડનાં લોકાર્પણ-ખાતમુહર્ત કરવામાં આવ્યા હતા, જેમાં ૪૧૧ કરોડ ૩૭ લાખ રૂપિયાનાં બે હજાર 240 કામોનું ખાતમુહર્ત તથા ૬૦૨ કરોડ ૭૮ લાખ રૂપિયાનાં કામોનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે..

(BYTE_ BHUPENDRA PATEL)

આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે જણાવ્યું હતું કે રાજ્યમાં થયેલા વિકાસને પગલે આજે આદિજાતિ વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જિનિયરિંગનું શિક્ષણ લઈ રહ્યા છે.

રાજ્યમાં આદિવાસીઓની સૌથી વધુ વસતિ ધરાવતા ડાંગ જિલ્લાના આહવા ખાતે રાજ્યના કૃષિ, અને ગ્રામીણ વિકાસ મંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા ડાંગ જિલ્લા માટે કુલ ૭૪.૯૫ કરોડ રૂપિયાના ૮ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત, અને ૧૦.૨૫ કરોડ રૂપિયાનાં કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આદિવાસીઓની 74 ટકા વસ્તી ધરાવતા દાહોદ જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમમાં નાગરિક અને અન્ન પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા ઉપસ્થિત રહ્યા હતા.

ભીલોડાના શામળાજી ખાતે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં આદિવાસી દિવસની ઉજવણી કરાઇ. સુરતમાં રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજી હળપતિએ માંડવીમાં ભગવાન બીરસા મુંડાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં દાંતા ખાતે અને પંચમહાલ જિલ્લાનાં મોરવા હડફમાં રાજ્યના પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં, તાપી જિલ્લામાં રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી. પાટણમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે ભવ્ય આદિવાસી ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજપીપળા ખાતે પણ આદિવાસી સમાજ દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નવસારી જિલ્લાના વાંસદામાં રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ હતી. આ ઉપરાંત વલસાડમાં પણ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ હતી.

## PM-CHOPRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાલા ફેંકના ખેલાડી નીરજ ચોપરા સાથે વાત કરી અને પેરિસ ઓલિમ્પિક 2024માં રજત ચંદ્રક જીતવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા. ઉલ્લેખનીય છે કે પેરિસ ઓલિમ્પિકમાં નિરજ ચોપરાએ ભારતને તેનો પ્રથમ રજત ચંદ્રક અપાવ્યો છે. નીરજ ચોપરાએ ગઈ રાતે પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં 86.45 મીટર સાથે સર્વશ્રેષ્ઠ થ્રો નોંધાવ્યો હતો.

## DELHI - TERRORIST

દિલ્હી પોલીસની વિશેષ ટુકડી દ્વારા ખુંખાર આતંકવાદીની ધરપકડ કરાઈ છે. પકડાયેલ આતંકવાદી રાષ્ટ્રીય તપાસ સંસ્થા દ્વારા મુંબઈ અને દિલ્હીમાં બે કેસમાં વોન્ટેડ હતો. પોલીસે આતંકી પાસેથી ત્રણ જીવતા કારતુસ સાથે બે મોબાઈલ ફોન અને એક પિસ્તોલ પણ જપ્ત કરી છે.

## BANGLADESH-BORDER COMMITTEE

ભારત-બાંગલાદેશ સરહદ પરની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવા માટે કેન્દ્ર સરકારે સમિતિની રચના કરી છે. આ સમિતિ બાંગલાદેશમાં વસતા ભારતીય નાગરિકો અને લઘુમતી સમુદાયોના લોકોની સલામતી સુનિશ્ચિત કરવા સંદેશાવ્યવહારની ચેનલ પ્રસ્થાપિત કરશે.

સરહદ સલામતી દળ-બીએસએફ, ઇસ્ટર્ન કમાન્ડનાં એડીજીનાં વડપણ હેઠળની આ સમિતિમાં દક્ષિણ બંગાળનાં બીએસએફનાં ફ્રન્ટિયર વડામથકના આઇજી, ત્રિપુરામાં બીએસએફનાં ફ્રન્ટિયર વડામથકના આઇજી, લેન્ડ પોર્ટસ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના આયોજન અને વિકાસના સભ્યનો સમાવેશ થાય છે.

## US-EGYPT-QATAR

અમેરિકા ,ઇજિપ્ત અને કતારે ઇઝરાયેલ અને હમાસને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે ફરીથી વાતચીત શરૂ કરવા હાકલ કરી છે. ત્રણેય દેશોએ આ મામલે સંયુક્ત નિવેદન જાહેર કર્યું છે. ત્રણેય દેશોએ આ સંકટનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ત્રણેય દેશોએ બંને પક્ષોને પ્રદેશના નાગરિકોના કલ્યાણને પ્રાથમિકતા આપવા વિનંતી કરી છે. ત્રણેય દેશોએ કાયમી યુદ્ધવિરામ લાગુ કરવા અને સંઘર્ષના મૂળ કારણોને સંબોધવા માટેના પ્રયાસોને સમર્થન આપવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

ઇઝરાયેલે કહ્યું કે તે પ્રસ્તાવિત મંત્રણાકારોને મોકલશે. આ મંત્રણા દોહા અથવા કેરોમાં થશે. હમાસે આ અંગે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી નથી.

## AIR-INDIA-SUSPENDED

એર ઈન્ડિયાએ પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી સૂચના સુધી તાત્કાલિક અસરથી તેલ અવીવ, ઈઝરાયેલની ફ્લાઈટ સ્થગિત કરી દીધી છે. એર

ઈન્ડિયાએ કહ્યું કે તે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને મુસાફરો અને ક્રૂની સુરક્ષા માટે હાલ કામગીરી સ્થગિત કરી દીધી છે.